પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૫૮ | ૯ મે, ૨૦૧૭, મંગળવાર ; વૈશાખ સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ન્યુઝ ટ્રેક

### ● કેજરીવાલ વિરૂધ્ધ ભ્રષ્ટચારના આરોપથી અન્ના દુઃખી




દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલ પર આપના નેતા કપિલ મિશ્રાએ ભ્રષ્ટાચારના ગંભીર આરોપ લગાવ્યા છે. અન્ના હજારે આ બાબતથી દુઃખી છે. તેઓએ આ મામલે પ્રતિભાવ આપવાનો ઈન્કાર કર્યો હતો અને કહ્યું હતું કે પુરેપુરી તપાસ થાય પછી જ કંઈ કહી શકાશે.

### ● દિલ્હી મેટ્રોનું ભાડુ વધ્યું



દિલ્હી મેટ્રોમાં આજે એકાએક ભાડાનો વધારો કરાયો હતો. જેમાં લઘુત્તમ રૂ. ૧૦ અને મહત્તમ રૂ. ૫૦ નિયત કરાયો છે.

### ● બીબરની સુરક્ષામાં ૫૦૦ પોલિસ કર્મીઓ તૈનાત



મુંબઈમાં ૧૦મેના રોજ વિશ્વ પ્રસિધ્ધ પોપ સ્ટાર જસ્ટિન બીબરના કોન્સર્ટની જોરશોરથી તૈયારીઓ ચાલી રહી છે. તેની સુરક્ષા માટે લગભગ ૫૦૦ પોલીસ કર્મીઓ તૈનાત કરવામાં આવશે અને ડ્રોન કેમેરાનો પણ ઉપયોગ કરવામાં આવશે.

### સિલેક્ટ થયેલા ૫૭ ટકા ઓફિસરોનો બીએસએફમાં જોડાવવાનો ઈન્કાર



બીએસએફના આસિસ્ટન્ટ કમાન્ડન્ટની પોસ્ટ પર સિલેકટ થયેલા ૫૭ ટકા ઓફિસરોએ ફોર્સની નોકરી કરવાનો ઈન્કાર કર્યો હતો. કઠિન જગ્યા પર પોસ્ટીંગ થતું હોવાથી ઓફિસરો ડયુટી જોઈન કરતા નથી.

# સરહદે સ્ફોટક સ્થિતિ

**ભારતીય સેનાએ પાકના ઘણા બંકરો ફૂંક્યા : પાકિસ્તાની સેના દ્વારા અવિરતપણે યુદ્ધ વિરામનો ભંગ કરી ગોળીબાર : ભારતીય સેના દ્વારા એલઓસી પેલે પાર પાકિસ્તાની બંકરો ઉપર મોર્ટારથી હુમલા કર્યા : નવા ૬૦ સેકન્ડના વિડિયોથી સેનાના સાહસની સાબિતી મળી**



નવી દિલ્હી,તા. ૮

પાકિસ્તાની સેના યુદ્ધ વિરામનો ભંગ કરીને અંકુશરેખા ઉપર સતત ગોળીબાર કરી રહી છે. ભારતીય સેનાના જવાનો દ્વારા જડબાતોડ જવાબ પણ આપવામાં આવી રહ્યા છે. ભારતીય સેનાએ પાકિસ્તાનના અનેક બંકરોને જવાબી કાર્યવાહી કરીને ફૂંકી માર્યા છે. આ સંદર્ભમાં ૬૦ સેકન્ડના એક વીડિયોથી સાબિતી મળી રહી છે કે ભારતીય સેનાએ પાકિસ્તાની છાવણીમાં ખળભળાટ મચાવી દીધો છે. જોરદાર હુમલાઓ કરવામાં આવ્યા છે. સરહદ ઉપર હાલમાં વિસ્ફોટક સ્થિતિ જોવા મળી રહી છે કારણ કે પાકિસ્તાન દ્વારા વારંવાર યુદ્ધ વિરામનો ભંગ કરીને ગોળીબાર કરાઈ રહ્યો છે. છેલ્લા બે વર્ષના ગાળામાં પાકિસ્તાને નિયમિત રીતે અંકુશરેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ પર ગોળીબાર કર્યો છે. ભારતીય સેના સરહદ પર પાકિસ્તાની સેના દ્વારા કરવામાં આવી રહેલા યુદ્ધવિરામના ભંગનો હવે જડબાતોડ જવાબ આપી રહી છે. ભારતીય સેનાના જવાનોએ હાલમાં

● અનુસંધાન પાન-૭ પર

# ફ્રાન્સના રાષ્ટ્રપતિ પદે ૩૯ વર્ષીય ઈમૈન્યુઅલ મેક્રોનો ભવ્ય વિજય

**નજીકના હરિફ મેરીન લ પેનને હાર આપી : મેક્રો ૬૪ ટકા મતોની સાથે વિજેતા થયા : ફ્રાન્સના લાંબા ઈતિહાસમાં હવે એક નવા પ્રકરણની જ શરૂઆત : મેક્રો**



પેરિસ,તા. ૮

ઈમેન્યુઅલ મેક્રો ફ્રાન્સના નવા પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા છે. આની સાથે જ એક નવો ઈતિહાસ રચાઈ ગયો છે. રવિવારના દિવસે મતદાન થયા બાદ મેક્રોએ પોતાના નજીકના હરિફ મૈરીન લ પેન પર શાનદાર જીત મેળવી હતી. ૩૯ વર્ષીય મેક્રો ફ્રાન્સના સૌથી યુવાન પ્રમુખ બનવા જઈ રહ્યા છે. વિશ્વસનીય સુત્રોએ માહિતી આપતા કહ્યુ છે કે મેક્રોને આશરે ૬૪ ટકા મત મળ્યા છે. આ પ્રસગે મેક્રોએ કહ્યુ હતુ કે ફ્રાન્સના લાંબા ઈતિહાસમાં હવે એક નવા પ્રકરણની શરૂઆત થઈ રહી છે. તેમણે કહ્યુ હતુ કે આ એક આશા અને વિશ્વાસ સાથે ઉભરીને આગળ વધે તેમ તેઓ ઈચ્છે છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મેક્રોને શુભેચ્છા પાઠવી છે. જર્મનીના ચાન્સલર એન્જેલા માર્કેલે પણ શુભેચ્છા પાઠવી છે. પ્રમુખની ચૂટણીમાં મેદાનમાં ઉતરેલા કુલ ૧૧ ઉમેદવારો પૈકી મેક્રો પ્રથમ રાઉન્ડમાં સૌથી ઉપર રહ્યા હતા. બીજા દોરના રન ઓફર ચૂંટણીમાં સામેલ મૈરીન લ પેન અને મેક્રોએ મતદારોની સામે ફ્રાન્સમાં લોકો સાથે જોડાયેલી બાબતોનો ઉલ્લેખ કર્યો હતો. બન્ને નેતા બિલકુલ અલગ રાજનીતિ ધરાવનાર નેતા તરીકે છે. ઉદાર મધ્યમમાર્ગી મેક્રો વેપાર સમર્થક અને યુરોપિયન યુનિયનના સમર્થક તરીકે છે. મેક્રોની રજૂઆત હતી કે તેઓ ૫૦૦૦ના બોર્ડર ગાર્ડના એક નવા ફોર્સની રચના કરનાર છે. ફ્રાન્સીસી પ્રમુખપદ હાંસલ કરવા માટે મેક્રોને ફ્રેન્ચ ભાષા જાણવી જરૂરી હશે. આ ઉપરાંત ફ્રાન્સમાં ધર્મનિરપેક્ષ મુલ્યોનુ વિસ્તાર તેમના એજન્ડામાં સામેલ હતા. મૈરીન લ પૈને પોતાની રજૂઆતમાં ગેરકાયદે પ્રવાસ પર બ્રેક, અંકુશ રેખા નિયંત્રણ , ઈસ્લામિક કટ્ટરવાદની સામે કાર્યવાહી અને કટ્ટરવાદી મસ્જિદોની સામે કાર્યવાહી જેવા મુદ્દા ઉઠાવ્યા હતા.


# ઘાસચારા કૌભાંડમાં લાલુને રાહત નહીં

**ટ્રાયલ માટે સુપ્રિમનો હુકમ : ૧૦૦૦ કરોડના કૌભાંડમાં લાલુ સામે સીબીઆઈની અરજી મંજુર : ફોજદારી આરોપોના આધાર ઉપર લાલુ સામે ટ્રાયલ ચલાવવાનો આદેશ થતા આરજેડીને ફટકો : સીબીઆઈની પણ સુપ્રિમ કોર્ટ દ્વારા ઝાટકણી**

નવી દિલ્હી, તા. ૮

રાષ્ટ્રીય જનતા દળના વડા અને બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી લાલુ પ્રસાદ યાદવને આજે મોટો ફટકો પડ્યો હતો. કારણ કે સુપ્રિમ કોર્ટે સમગ્ર દેશને હચમચાવી મુકનાર ૧૦૦૦ કરોડ રૂપિયાના ઘાસચારા કૌભાંડ કેસમાં ઝારખંડ હાઈકોર્ટ દ્વારા તેમની સામે આરોપોને પડતા મુકવાનો વિરોધ કરીને સીબીઆઈ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને મંજુરી આપી હતી. ફોજદારી કાવતરા માટે ટ્રાયલનો આદેશ સુપ્રિમ કોર્ટે આજે આપી દીધો હતો. પ્રાપ્ત માહિતી મુજબ બિહારના મુખ્યમંત્રી તરીકેના ગાળા દરમિયાન ભ્રષ્ટાચાર બદલ ક્રિમિનલ ચાર્જના મામલામાં લાલુ પ્રસાદ યાદવ સામે ખટલો ચલાવવામાં આવશે. તેમની સામે ટ્રાયલ ચલાવવાના સુપ્રિમ

● અનુસંધાન પાન-૭ પર



# કાશ્મીરમાં લશ્કરે તોયબાના સ્લીપર સેલ હજુ પણ સક્રિય

**સુરક્ષા સંસ્થાઓ દ્વારા ગુપ્ત રીતે ઉંડી તપાસ**



શ્રીનગર,તા. ૮

જમ્મુ કાશ્મીરમાં આતંકવાદીઓના સ્લીપર શેલ પણ સક્રિય થયા હોવાના અહેવાલ મળ્યા છે. કાશ્મીર ખીણમાંથી હાલમાં જ ઝડપાયેલા શખ્સોની પુછપરછ બાદ આ અંગેની વિગત સપાટી ઉપર આવી છે. વધુ શખ્સોની ધરપકડ કરવામાં આવે તેવા સંકેત પણ દેખાઈ રહ્યા છે. થોડાક સમય પહેલા ઉધમપુરમાં કરવામાં આવેલા આતંકવાદી હુમલા વેળા જીવિત ઝડપાઈ ગયેલા પાકિસ્તાની આતંકવાદી નાવેદના ચાર સાગરિતોની કાશ્મીર ખીણમાંથી ધરપકડ કરવામાં આવતા સુરક્ષા દળોને મોટી સફળતા હાથ લાગી હતી.

# ચેમ્પિયન્સ ટ્રોફી માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત

**ટીમમાં રોહિત, યુવી, આર અશ્વિન અને મોહંમદ સામીનો સમાવેશ કરાયો : ઋષભ પંથ, કુલદીપ યાદવ, શાર્દુલ, સુરેશ રૈના તેમજ દિનેશ કાર્તિકને સ્ટેન્ડ બાય રાખવાનો નિર્ણય : અનુભવ અને ફોર્મને ધ્યાનમાં લઈને ટીમની પસંદગી**

નવી દિલ્હી,તા. ૮

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે ચેમ્પિયન્સ ટ્રોફી માટે ટીમ ઈન્ડિયાની આજે જાહેરાત કરવામાં આવી હતી. ટીમ ઈન્ડિયામાં રોહિત શર્મા, આર.અશ્વિન, મોહંમદ સામી અને યુવરાજસિંહની વાપસી થઈ છે. ચેમ્પિયન્સ ટ્રોફીમાં સંપૂર્ણ તાકાત સાથે મેદાનમાં ઉતરવાનો નિર્ણય ભારતીય ટીમ દ્વારા કરવામાં આવ્યો છે. ચેમ્પિયન્સ ટ્રોફી માટે ટીમની પસંદગી કરવામાં આવ્યા બાદ આ ટ્રોફીમાં ભારતીય ટીમ રમશે કે કેમ તે અંગે ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. ટીમ ઈન્ડિયામાં ફરી એકવાર યુવરાજને તક મળી છે. રોહિત શર્મા અને શિખર ધવનની પણ વાપસી થઈ છે. ટીમમાં આઈપીએલમાં શાનદાર પ્રદર્શન કરનાર મનિષ પાંડે અને હાર્દિક પંડ્યાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. ટીમમાં પ્રદર્શનની સાથે સાથે અનુભવને પણ ધ્યાનમાં લેવાનો નિર્ણય કરાયો છે. બીસીસીઆઈએ પત્રકાર પરિષદ યોજીને ટીમની જાહેરાત કરી હતી. બીસીસીઆઈ તરફથી જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે ૫૦ ઓવરની મેચમાં અનુભવ અને ઈંગ્લેન્ડની પરિસ્થિતિને ધ્યાનમાં લઈને ટીમની પસંદગી કરવામાં

● અનુસંધાન પાન-૭ પર



# હોમ લોન પર વ્યાજ દરમાં ૦.૨૫ ટકાનો ઘટાડો

**આવાસ ખરીદવાનું સપનું ધરાવતા લોકો માટે સુવર્ણ તક : સૌથી મોટી ધિરાણ આપતી બેંક એસબીઆઈ દ્વારા વ્યાજ દરમાં અંતે ઘટાડો કરાયો : મહિલાઓને ૮.૩૫ ટકા અને પુરૂષોને ૮.૪૦ ટકાના દરે હોમ લોન**

નવી દિલ્હી, તા. ૮

ભારતની સૌથી મોટી ધિરાણ આપતી બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ સસ્તા મકાન માટે હોમ લોન પર વ્યાજ દરમાં ઘટાડો કરી દીધો છે. ૨૫ બેઝીક પોઈન્ટનો ઘટાડો એસબીઆઈ દ્વારા કરવામાં આવતા સસ્તા મકાન ખરીદવા માટે લોકોને સુવર્ણ તક મળી ગઈ છે. મકાન ખરીદવા ઈચ્છુક લોકોને ખૂબ સારી તક રહેલી છે. આ યોજના હેઠળ લોન લેનાર મહિલાઓને હવે આ ઘટાડાની સાથે ૮.૩૫ ટકાના દરે આવાસ લોન ઉપલબ્ધ થશે. સરકારની સસ્તા મકાનોની નવી યોજના હેઠળ ૩૦ લાખ રૂપિયા સુધી આવાસ લોન મેળવી શકાય છે. સ્ટેટ બેંકના અધિકારીઓ દ્વારા આ અંગેની માહિતી આજે આપવામાં આવી હતી. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના એમડી (નેશનલ બેન્કીંગ) રજનીશકુમારે માહિતી આપતા કહ્યું છે કે પુરૂષ ગ્રાહકો માટે આ મર્યાદિત અવધિની યોજના ૩૧મી જુલાઈ સુધી ઉપલબ્ધ છે. આમાં પગારદાર વર્ગના કર્મચારી માટે વ્યાજદર ૦.૨૦ ટકા ઘટાડીને ૮.૪૦ ટકા કરવામાં આવ્યો છે. જયારે બિનપગારદાર વર્ગ માટે તેમાં ૦.૧૫ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. સસ્તા મકાનો માટે આવાસ લોન પર વ્યાજદરમાં ૦.૨૫ ટકાનો ઘટાડો કરવામાં આવ્યા બાદ સસ્તા આવાસની યોજનાઓને જોરદાર પ્રતિસાદ મળે તેવી શક્યતા દેખાઈ

● અનુસંધાન પાન-૭ પર

# કેજરીવાલ પર તીવ્ર આક્ષેપ કરનાર કપિલ મિશ્રા સસ્પેન્ડ

**ધારણા પ્રમાણે જ કાર્યવાહી કરવામાં આવી : એએપીની પીએસીની બેઠકમાં બળવાખોર બનેલા કપિલ મિશ્રા પર શિસ્તની કાર્યવાહી કરવામાં આવતા સનસનાટી**

નવી દિલ્હી, તા.૮

આમ આદમી પાર્ટીમાં ચાલી રહેલી ખેંચતાણ આજે પણ યથાવત રીતે જારી રહી હતી. ધારણા પ્રમાણે જ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સામે આક્ષેપો કરનાર કપિલ મિશ્રોને પાર્ટીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. કેબિનેટમાં દુર કરવામાં આવ્યા પછી બળવાખોર બનેલા કપિલ મિશ્રાને હવે પાર્ટીમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આજે સાંજે પીએસીની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. કેજરીવાલ ઉપર આક્ષેપ કરવામાં આવ્યા બાદ નક્કી થઈ ગયું હતું કે તેમની હકાલપટ્ટી કરવામાં આવશે. તેમની સામે શિસ્તની કાર્યવાહી કરવામાં આવશે અને આજે ધારણા પ્રમાણે જ બેઠકમાં કપિલને સસ્પેન્ડ કરવાના નિર્ણય ઉપર સર્વસંમતિથી નિર્ણય લેવાયો હતો. સસ્પેન્ડ કરવાનો મતલબ એ થયો કે તેઓ ધારાસભ્ય તરીકે જારી રહેશે. કપિલ મિશ્રાને શનિવારના દિવસે એકાએક મંત્રી પદેથી દુર કરાયા હતા. સરકારે કહ્યું હતું કે યોગ્ય કામકામજ નહીં હોવાના કારણે તેમને દુર કરવામાં આવ્યા છે. કપિલે દાવો કર્યો હતો કે ટેન્કર કૌભાંડમાં કેટલાક લોકોને બચાવી લેવાના હેતુસર તેમની સામે કાર્યવાહી કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનિય છે કે કપિલ મિશ્રાએ ગઈકાલે મુખ્યમંત્રી ઉપર ગંભીર પ્રકારના આક્ષેપો કર્યા હતા. કપિલ મિશ્રાએ આક્ષેપ કરતા કહ્યું હતું કે, કેજરીવાલે મંત્રી સત્યેંદ્ર જૈનની પાસેથી બે કરોડ રૂપિયા રોકડ લીધા હતા. એએપીમાં ચાલી રહેલી કટોકટી વધુ વધવાના સંકેત દેખાઈ રહ્યા છે.





